રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી જિલ્લાની કારોબારી બેઠકમાં નિવૃત્ત થતાં

# અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સન્માન કરાયું

## બદલી થતા તથા નવા આવતા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓનુ પણ સન્માન કરાયું

મેઘરજ તા. ૩

સોમવારે પ્રાર્થના ગ્લોબલ સ્કૂલ મોડાસા (મદાપુર કંપા) ખાતે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ અરવલ્લી જિલ્લાની કારોબારી બેઠક અરવલ્લી જિલ્લાના અધ્યક્ષશ્રી મિનેષભાઈ પટેલ ની અધ્યક્ષતામાં યોજાઈ. જેમાં અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સ્મિતાબેન પટેલ નો વય નિવૃત્તિ સમારંભ તથા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સમીરભાઈ પટેલની બદલી થતાં તેમનો શુભેચ્છા સમારંભ અને અરવલ્લી જિલ્લાના નવનિયુક્ત નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી શૈલેષભાઈ પટેલનો આ જિલ્લામાં સ્વાગત અને સન્માન સમારંભ યોજવામાં આવ્યો. જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અરવલ્લી જિલ્લાના સંઘચાલકજી અને પ્રાર્થના ગ્લોબલ સ્કૂલના ટ્રસ્ટી એવા શ્રી નટુભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘની કારોબારીના તમામ સદસ્યો, રાજ્ય પ્રતિનિધિઓ તથા માલપુર, મોડાસા ,મેઘરજ, ભિલોડા, ધનસુરા અને બાયડના શૈક્ષિક મહાસંઘના તમામ હોદ્દેદારો,

બીટ કે. નિ. શ્રીઓ, બી.આર.સી શ્રી, એસ.આઈ. મિત્રો, એચ.ટાટ મિત્રો અને શિક્ષક મિત્રોની ઉપસ્થિતિમાં ખુબ સુંદર રીતે આ કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યાર બાદ અરવલ્લી જિલ્લાના મહામંત્રીશ્રી પ્રજ્ઞેશભાઈ શર્મા એ સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું. ઉપસ્થિત સર્વેએ નિવૃત્ત થતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સ્મિતાબેન પટેલ, બદલી થતા




નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સમીરભાઈ પટેલ, નવા આવતા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી શૈલેષભાઈ પટેલ ને મોમેન્ટો ,શાલ અને ભેટ-સોગાદો આપી સન્માનિત કર્યા હતા.

આ તબક્કે શ્રી સ્મિતાબેને અરવલ્લી જિલ્લાના શિક્ષકોનો ખૂબ જ પ્રેમ મળ્યો છે અને તેમનો પ્રેમ અને સત્કાર તેઓ હંમેશા યાદ રાખશે એમ જણાવ્યું હતું. શ્રી સમીરભાઈ એ શિક્ષણયજ્ઞ ને સફળ બનાવવા માટે સૌ શિક્ષક મિત્રો કઈ રીતે કર્મરત રહી દેશને આગળ લઈ જઈ શકે તેનું સુંદર ઉદાહરણ આપી પ્રેરણા પૂરી પાડી હતી. શ્રી શૈલેષભાઈ એ અરવલ્લી જિલ્લા શિક્ષણમાં શ્રી સ્મિતાબેન અને સમીરભાઈ એ શરૂ કરેલી વિકાસ યાત્રા આગળ ધપાવવા કટિબદ્ધ છું તથા શિક્ષણ અને શિક્ષક હિતમાં સદૈવ અગ્રેસર રહીશ એમ પણ જણાવ્યું હતું. ઉપસ્થિત બીઆરસી, બીટ કેળવણી નિરીક્ષક અને એસઆઈ શ્રીઓનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની વિચારધારા અને માલપુર તાલુકાના મહામંત્રી શ્રી વિરલભાઈ ઉપાધ્યાયની કાર્ય પ્રણાલીથી પ્રેરાઈને માલપુર તાલુકાના ૧૫ થી વધુ સક્રિય શિક્ષક મિત્રો રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સાથે જોડાતાં ઉપસ્થિત મહેમાનો દ્વારા એમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે કાર્યક્રમના અધ્યક્ષશ્રી મિનેષભાઈ પટેલ એ સૌને આવકારતાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ શિક્ષક અને શિક્ષણ હિતમાં સદૈવ અગ્રેસર રહેવાની સાથે સાથે રાષ્ટ્ર હિતમાં પણ સદૈવ અગ્રેસર રહેશે એવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

અંતમાં ઉપસ્થિત સૌનો અરવલ્લી જિલ્લાના ઉપાધ્યક્ષ શ્રી ભાવેશભાઈ પ્રજાપતિ એ આભાર વ્યક્ત કર્યો હતો. કલ્યાણ મંત્ર સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેઘરજ તાલુકાના મહામંત્રી શ્રી પરેશભાઈ પટેલ એ કર્યું હતું.

# પાલનપુર નગરપાલિકાની સાધારણ સભામાં હોબાળો: શાસકપક્ષ અને વિપક્ષના નેતા વચ્ચે ઉગ્ર બોલાચાલી

## શાસક પક્ષના નેતા જાગૃતિ મહેતા અને વિપક્ષના નેતા અંકિતા ઠાકોર વચ્ચે બોલાચાલી થઇ

પાલનપુર તા. ૩

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભામાં આજે હોબાળો થયો હતો. નગરપાલિકાની ચાલુ સભામાં શાસક અને વિપક્ષના નેતા આમને સામને આવી જતાં મામલો બિચક્યો હતો. વિકાસના કામો સહિત ભસ્તાચારના મુદ્દે શાસક તેમજ વિપક્ષ નેતાવચ્ચે હોબાળો થયો હતો. આઅ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,



ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા છેલ્લા કેટલાય સમયથી સતત વિવાદમાં ઘેરાયેલી છે. ત્યારે પાલનપુર પાલિકા ખાતે આજે મળેલી સાધારણ સભામાં ગણતરી મિનિટમાં શાસક પક્ષે નક્કી થયેલા એજેન્ડા મુજબ ગણતરીના મિનિટમાં સભાને આટોપી લેતા પાલિકાની સભામાં વિપક્ષે ભ્રષ્ટાચાર મામલે ઉગ્ર રજુઆત કરતા સભાની અંદર શાસક અને વિપક્ષ વચ્ચે મામલો ગરમાયો હતો. ૧૦ મુદ્દાઓની ચર્ચા વગર શાસક પક્ષે ગણતરીની મિનિટ મંજૂર કરી સભા પુરી કરી દેવામાં આવી હતી. વિપક્ષ રજૂઆત કરે તે પહેલાં જ ગણતરીની મિનિટમાં સભાની કાર્યવાહી પૂર્ણ કરી દેતા વિપક્ષના નેતા અંકિતા ઠાકોર ઉગ્ર બનતા મામલો ગરમાયો હતો. શાસક પક્ષના નેતા જાગૃતિ મહેતા તેમજ વિપક્ષના નેતા અંકિતા ઠાકોર બંને નેતાઓ વચ્ચે બોલાચાલી થઈ હતી.

# સરસ્વતી સાધના સાઈકલ સહાય યોજના અંતર્ગત સાયકલ વિતરણ કરાયું



મેઘરજ તા. ૩

શ્રી લોક મંગળ ઉ. બુ. વિદ્યાલય ડચકા બેલ્યો દ્વારા આજરોજ ધોરણ ૯ ની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૫ ૮ ( અઠ્ઠાવન ) જેટલી વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના સાઈકલ યોજના અંતર્ગત સાઈકલનું વિતરણ કરવામાં આવ્યું. રાજ્યના શિક્ષણ વિભાગની જોગવાઈઓ અંતર્ગત કન્યા કેળવણી ને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી તેમજ દિકરીઓ અપડાઉનમાં પડતી મુશકેલીઓને કારણે પોતાનો અભ્યાસ અધવચ્ચે ના છોડી તે તેવા કારણસર રાજ્યના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા ધોરણ ૯ માં નવીન પ્રવેશ મેળવતી સમાજના દરેક વર્ગની વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના સાઈકલ સહાય યોજના અંતર્ગત સાઈકલ આપવામાં આવે છે.સાઈકલ મેળવનાર તમામ લાભાર્થી વિદ્યાર્થીનીઓને શાળાના પ્રિન્સિપાલ ભાવેશ ભાઈ ચૌધરી તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવી ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન આપ્યું હતું.

# પાલનપુરની રવિ પાર્ક સોસાયટીમાં દબાણ-પાર્કિંગનો નિકાલ નહીં આવે તો રહીશોએ ગાંધી ચિંધ્યા માર્ગે

## બાજુના ફ્લેટના લોકોએ દબાણ-પાર્કિંગ બનાવ્યા હોવાના આક્ષેપો

પાલનપુર તા.૩

પાલનપુર શહેરની રવિ પાર્ક સોસાયટીના સ્થાનિકો રસ્તો ખુલ્લો કરાવવાની નગરપાલિકાએ પહોંચ્યા હતા. જેમાં બાજુમાં આવેલી સોસાયટીના લોકો પોતાના ફોર વ્હીલર અને ટુ-વ્હીલર માટે કાયમી રોડ ઉપર પાર્કિંગ કરે છે.

જેથી રસ્તામાં દબાણ-પાર્કિંગ ઉભું કર્યાના આક્ષેપ સાથે રવિ પાર્ક સોસાયટીના સ્થાનિકો નગરપાલિકાએ પહોંચ્યા હતા. જ્યાં નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ પઢિયાર ને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

પાલનપુર શહેરમાં આવેલી રવિ પાર્ક સોસાયટીમાં જવા-આવવા માટે એક જ રસ્તો છે. રવિ પાર્ક સોસાયટીમાં હાલમાં ૮૦ મકાન બની ગયેલા છે. બાકીના ૧૫૦ જેટલા પ્લોટ પડેલા છે. સોસાયટીમાં આવવા જવા માટે ફક્ત એક જ રસ્તો છે અને રસ્તામાં બાજુમાં આવેલ ફ્લેટના રહીશો પોતાના ફોર વ્હીલર અને ટુ-વ્હીલર કાયમી માટે રોડ પર પાર્કિંગ કરે છે. ઉપરાંત ૨ ૨ ફૂટના રસ્તામાં દાદાગીરી સાથે તેમણે અડચણો ઉભી કરી છે તેવા આક્ષેપો રવિ પાર્ક સોસાયટીના સ્થાનિકોએ કર્યા હતા.

જેથી સોસાયટીના વાહનચાલકોને આવવા-જવા માટે બહુ જ મુશ્કેલીઓ પડતી હોવાથી નગર પાલિકાના ઉપપ્રમુખને રવિ પાર્કના રહીશો દ્વારા આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં નગરપાલિકાના સત્તાધીશો દ્વારા જાત નિરીક્ષણ કરી કરેલા બમ્પ તથા ગેરકાયદેસર પાર્કિંગ કાયમી ધોરણે દૂર કરવા વિનંતી કરાઈ છે. તેમજ જો નિકાલ નહી આવે તો રવિ પાર્ક સોસાયટીના રહીશોએ ગાંધી ચિંધ્યા માર્ગે વળવાની ચીમકી ઉચ્ચારી છે.

# ડીસા તાલુકાના કૂચાવાડા ખાતેથી બોગસ તબીબ ઝડપાયો

## ડીગ્રી વગર એલોપેથીક પ્રેક્ટિસ કરતો હોઇ પોલીસ ફરિયાદ

ડીસા, તા. ૩

અંતરિયાળ એવા બનાસકાંઠા જિલ્લાના ગામડાઓમાં ઉઘાડપગા ડોક્ટરોનો રાફડો ફાટ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ભોળી પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતા આવા બોગસ ડોકટરો ગેરકાયદેસર મોતની હાટડીઓ ચલાવી રહ્યા છે. ત્યારે આવો જ એક બોગસ ડોક્ટર ડીસા તાલુકાના કૂચવાડા ખાતેથી ઝડપાઈ જવા પામ્યો છે. તેની વિરુદ્ધ કૂચાવાડા મેડિકલ ઓફિસર દ્વારા ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની ફરિયાદની વિગતો જોતા કૂચવાડામાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા અશોકભાઈ એલ. પરમારને માહિતી મળેલ કે કૂચવાડા ખાતે એક ડોકટર કોઈ પણ જાતની ડીગ્રી વગર દવાખાનું ખોલી લોકોને એલોપેથીક દવાઓ અને સારવાર કરી જન આરોગ્ય સાથે ચેડા કરી રહ્યો છે.આ મામલે તેમના દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી અને તપાસ દરમિયાન એક દુકાનમાં કોઈપણ જાતની ડીગ્રી વિના એલોપેથીક દવાઓનો જથ્થો રાખી સારવાર કરતો ઈંદ્રિશભાઈ અયુબભાઈ મેમણ નામનો વ્યક્તિ ખુલ્લેઆમ એલોપેથીક પ્રેક્ટિસ કરતો ઝડપાઈ જવા પામ્યો હતો. જેથી આ મામલે મેડિકલ ઓફિસર અશોકભાઈ પરમારે તેની વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસ દ્વારા બોગસ ડોકટર વિરુદ્ધ ઔષધ અધિનિયમન કલમ ૨૬૮, ૨૬૯,૨૭૦,૩૩૬ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પાલનપુરના એસટી પીકઅપ સ્ટેન્ડ પરથી મહિલાનું પાકીટ ચોરાયું

પાલનપુર તા .૩

પાલનપુરના નવા બસ સ્ટેન્ડ પાસેના પીકઅપ સ્ટેન્ડ પર બસની રાહ જોઈ બેઠેલી એક મહિલા ના સોના ચાંદી ના દાગીના ભરેલ પર્સ ની કોઈ અજાણ્યો ગઠિયો ચોરી કરી પલાયન થઈ ગયો હતો જે મામલે મહિલા એ ફરિયાદ નોંધવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે.

ડીસાના શીવનગર વિસ્તારમાં રહેતા ચંદુભાઈ બારોટની પુત્રી સપના બારોટ ગત તા.૨૬ જાન્યુઆરી ના સવારે ૮.૩૦ વાગ્યા ના સુમારે પાલનપુર ના નવા બસસ્ટેન્ડ ના પીકઅપ સ્ટેન્ડ પર પોતાની સાસરી રાજસ્થાનના સોજત જવા માટે બસની રાહ જોઈ બેઠી હતી દરમ્યાન તેની પાસે રહેલા સોના ચાંદીના દાગીના ભરેલ પાકીટ કોઈ ગઠિયો ચોરી ગયો હતો જોકે આ પાકીટ માં ૨૦હજાર ની કિંમત સોનાનો ટીકો,૫ હજાર નો ચાંદી નો પંજો,ચાંદી નો ચેઈન અને પોલીરિયા મળી ને ૨૬૫૦૦ ના દાગીના ની ચોરી થતા આ મામલે મહિલા ના પિતા એ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં માનવતાની દિવાલ ગરીબો માટે દેવદૂત બની

## શિયાળાની કડકડતી ઠંડીમાં માનવતાની દિવાલના કપડા ગરીબો માટે સુરક્ષા કવચ બન્યા

પાલનપુર તા. ૩

પાલનપુરમાં જોરાવર પેલેસ બહાર માનવતાની દીવાલ આવેલી જ્યાં લોકો પોતના બિન જરૂરી કપડા સહિત ની ચીજ વસ્તુઓ મૂકી જાય છે. અને જરૂરીયાત મંદ લોકો અહીંથી કપડા સહિત ની ચીજ વસ્તુઓ લઈ જઈ જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને અંગ ઢંકાવા કપડા બુટ ચંપલ, ચાદર સહિત ની ચીજ વસ્તુઓ મળી રહે તે માટે ગુરૂકૃપા સેવા ટ્રસ્ટ દ્વારા ત્રણ વર્ષ અગાઉ માનવતાની દીવાલ ઉભી કરવામાં આવી હતી. જ્યા લોકો ગરીબો માટે પોતાના કપડા સહિત ની ચીજ વસ્તુઓ મૂકી રહ્યા હોય હાલના શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદ લોકો માટે માનવતાની દીવાલના ગરમ કપડાં બુટ ચીજ વસ્તુઓ આશીર્વાદ રૂપ સાબિત થઈ છે. જોકે ગરીબ લોકોને ગરમ કપડાં, બુટ,ચંપલ જેવી ચીજ વસ્તુઓ નિઃશુલ્ક મળતા માનવતાની દીવાલ ગરીબો માટે દેવદૂત પુરવાર થઈ રહી છે.




# પ્રાંતિજના બોભામાં પરમ કૃપાળુ સત કેવલ સાહેબનો ૧૫૦ મો પ્રાગટય દિન ઉજવાયો



પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બોભા ખાતે પરમ કૃપાળુ સાહેબ નો ૧૫૦ મો પ્રાગટય દિન ની ઉલ્લાસ ભેર ઉજવણી કરવામા આવી

પ્રાંતિજ ના બોભા માં પરંપરાગત સતકેવલ સાહેબ નો ૧૫૦ મો પ્રાગટય દિન ઉજવાયો જેના ભાગ રૂપે આસપાસ ના ભાવિ ભક્તો એ ધર્મ લાભ લીધો હતો ધર્મપ્રેમી પ્રગ્નેશ કુમાર તેમજ ભક્ત લક્ષ્મણદાસ યુવા જેને વ્યસનમુક્તિ કરી ધાર્મિક પ્રવૃતિમાં પ્રયાણ કરો આખી જીવનશૈલી બદલાઈ જશે સમગ્ર કાર્યક્રમને સરકારી ગાઈડ લાઈનન મુજબ શોભા યાત્રા મોકૂફ રાખી હતી તેમજ મહાઆરતી ઉતારી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું મહા પ્રસાદ ના દાતા કેપી પટેલ બન્યા હતા ત્યારબાદ આખા ગામમાં અબોલા. સ્વાનો ને પેટ ભરીને ભોજન કરાવ્યું હતું સમગ્ર પ્રાગટ્ય દિને સફળ બનાવવા કેવલ જ્ઞાન પ્રચારક મંડળ ભારે જહેમત ઉઠાવી હતી.

### ગુજરાત રાજય કક્ષાએ શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ ભિલોડા મામલતદારને અર્પણ કર્યો



ભિલોડા,તા.૦૨

ગુજરાત રાજય કક્ષાએ શ્રેષ્ઠ મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે અરવલ્લી જીલ્લાના ભિલોડા મામલતદાર ઝેડ.વી.પટેલની પસંદગી થવા બદલ એવોર્ડ એનાયત કર્યો હતો.ભિલોડા તાલુકાનું ગૌરવ વધારતા આનંદની લાગણી પ્રસરી છે.ભિલોડા તાલુકાના પ્રજાજનોએ મામલતદારને બિરદાવ્યા હતા.

## જન્મદિને વધામણી



ગૌરાંગ પ્રજાપતિ
બાયડ જીલ્લો અરવલ્લી



ધ્રુવ પ્રકાશભાઈ પટેલ
નવરંગ પાન પાર્લર
બાયડ જીલ્લો અરવલ્લી



અર્થ પ્રકાશભાઈ ખત્રી
ધનસુરા જીલ્લો રોલી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

### પ્રાંતિજ તાલુકામાં વિજ ચેકીંગ સીલસીલો યથાવત તો વિજ ચોરી પકડાવવાનો સીલસીલો પણ યથાવત

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા મા વહેલી સવારે પ્રાંતિજ-હિંમતનગર ની વીજ ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાતા પ્રાંતિજ તાલુકામાંથી ૧ ૨ જગ્યાએ થી કુલ ત્રણ લાખ ની વિજ ચોરી ઝડપાઈ હતી

પ્રાંતિજ ખાતે કાર્યરત વીજ કંપની તથા હિંમતનગર વીજ કંપની દ્વારા પ્રાંતિજ તાલુકા મા થઈ રહેલી વીજ ચોરી ઝડપી પાડવા પાંચ ટીમો બનાવવામા આવી હતી જેમા પ્રાંતિજ ની એક ટીમ તથા હિંમતનગર ની ચાર ટીમ મળી ને પ્રાંતિજ તાલુકામા પાંચેય ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાઈ હતી જેમા પ્રાંતિજ તાલુકામા આવેલ વિવિધ ગામોમાંથી ૧ ૨ જગ્યાએથી વીજ ચોરી ઝડપી પાડી હતી જેમા વિજ કંપની દ્વારા પ્રાંતિજ તાલુકામાંથી કુલ-૩ લાખ ની વીજચોરી ઝડપાઈ હોવાનુ પ્રાંતિજ વિજકંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ દ્વારા ટેલીફોનીક પુછતા જણાવ્યુ હતુ તો ત્યારે પ્રાંતિજ-હિંમતનગર વિજ કંપની દ્વારા વહેલી સવારે હમરા હમરા ઉપરા છાપરી વિજચેકિંગ હાથ ધરાતા વીજ ચોરી કરતા લોકો મા ભંય નો માહોલ જોવા મલ્યો છે .